## ડાયરેક્ટ ❤ સે

સપનાં
ભલે સૂકાં હોય
આશાનું પાણી
તો રોજ
તાજું જ છાંટવું

## જન્મદિને વધામણી



**નારાયણ વી મોદી**
પૂર્વ સચિવ, ગુજરાત રાજ્ય પંચાયત, ગ્રામ ગૃહ અને ગ્રામ વિકાસ વિભાગ
મો. ૯૪૨૯૩ ૮૯૫૧૯



**કથન ત્રિવેદી**
યુવા અગ્રણી, સામાજીક કાર્યકર
મો. ૯૭૧૨૯ ૩૭૧૦૨



**દૃષ્ટિ જતીનભાઈ દવે**
મો. ૮૧૫૪૯ ૮૩૮૪૮



**વિવૃતિ ચિરાગ ગોહેલ**
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

# લાયોનેસ ક્લબ દ્વારા સમૌમાં નેત્ર નિદાન કેમ્પનું આયોજન



લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા તાજેતરમાં સમૌ ગામમાં કર્ણાવતી આંખની હૉસ્પિટલ, ઑગણજના સહયોગથી વિનામૂલ્યે મેગા નેત્ર કેમ્પ, મોતીયાના નિદાન તેમજ રાહત દરે નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં સમૌ દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને અગ્રણી નેતા શંકરભાઈ એમ ચૌધરીએ સહકાર પૂરો પાડ્યો હતો. લાયોનેસ ક્લબ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સૅક્રેટરી નીતાબેન રાણા, કૅબિનેટ ઑફિસર અનિલ જયસિંઘાની, ચારૂબેન ટાંક, ઉષાબેન તટુએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઊઠાવી હતી.

### દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામમાં

# લાયન્સ ક્લબ દ્વારા મેગા નિદાન કેમ્પ





## કુલ ૨૮૯ દર્દીઓની આંખોની તપાસ, કરવામાં આવી, ૧૩૬ ચશ્માનું રાહતદરે વિતરણ કરાયું તથા ૪૯ મોતિયાના દર્દીઓનાં સફળ ઓપરેશન કરવામાં આવ્યાં

લાયન્સ કલબ, ગાંધીનગર દ્વારા સેવા યજ્ઞ- નેત્રનિદાન કેમ્પ, ડાયાબીટીસ કેમ્પ, બ્લડ પ્રેશર નિદાન કેમ્પ દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામના રામજી મંદિર ખાતે સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો.

કેમ્પ અંતર્ગત કુલ ૨૮૯ દર્દીઓની આંખોની તપાસ, કરવામાં આવી હતી, ૧૩૬ ચશ્માનું રાહતદરે વિતરણ કરાયું હતું તથા ૪૯ મોતિયાના દર્દીઓનાં સફળ ઓપરેશન કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ૨૫૦ દર્દીઓના ડાયીબીટીસ અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી હતી.

આ કેમ્પ માટે લાયન્સ કર્ણાવતી આઈ હોસ્પિટલના તબીબો, સ્ટાફ, પાલુન્દ્રા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય, ગ્રામ પંચાયતના સરપંચ, ગ્રામજનોનો ઉષ્માભર્યો સહકાર સાંપડ્યો હતો. લાયન્સ કલબ ઑફ ગાંધીનગરના પ્રમુખ નયન મધુકર, ઉપપ્રમુખ ઉમંગ પંડ્યા, પૂર્વ પ્રમુખ કે પી પ્રજાપતિ, રઘુસિંહ ગોલ, નટુભાી, મોહનભાઈ, પદમસિંહ ચૌહાણ, અનિલ પ્રજાપતિ, બિપીન પટેલ, વિવેકસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ સોલંકીની કાબેલ ટીમે આ કેમ્પને સફળતમ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલ સંલગ્ન

# ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનમાં ઈન્ટર્નશીપ અંગે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની એસ એસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન અને આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કૅલેજ, સૅક્ટર-૨૩ના તાલીમાર્થીઓ ઈન્ટર્નશીપ વિશે વધુ સજ્જ થાય તે હેતુથી ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે ડૉ. દેવાંગ મહેતાએ ઉપસ્થિત અતિથિઓનો પરિચય આપી ફૅકલ્ટી ઑફ એજ્યુકેશનની છેલ્લા ત્રણ વર્ષની પ્રવૃત્તિઓ અને કામગીરી વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિ ડૉ. ટી ઍસ જોષીએ ઈન્ટર્નશીપ શા માટે હોવી જોઈએ ? પ્રેક્ટિકલ વર્કનું મહત્ત્વ, શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ, પ્રવૃત્તિલક્ષી શિક્ષણનું મહત્ત્વ, વિવિધ પ્રકારની સ્કીલનું મહત્ત્વ, અભ્યાસ માટેનું વાતાવરણ વગેરે વિશેની ઊંડાણપૂર્વકની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. કાર્યક્રમમાં ડૉ. સંજયભાઈ ગુપ્તા, ડૉ. જિજ્ઞાસાબેન જોષી અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને અંતે ડૉ. કુસુમબેન યાદવે સંસ્થા પરિવાર વતી સૌ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# બીબીએ કૉલેજ દ્વારા રામદેવ ફૂડ પ્રોડક્ટની ઔદ્યોગિક મુલાકાત



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર ની બીબીએ કૉલેજના ૬૬ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત રામદેવ મસાલા પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. કંપની ની સ્થાપના રામભાઈ છગનદાસ પટેલ દ્વારા કરવામાં અવી હતી. હાલ કંપનીના ચેરમેન તરીકે હસમુખભાઈ કાર્યરત છે. કંપની દ્વારા વર્ષ ૨૦૧૫માં ૫૦ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણી કરવા માં અવી હતી. અત્રે ઉલ્લેખનીય છે. કે કંપની ને ૨૦૦૫માં આઈએસઓનું સર્ટીફીકેટ પણ પ્રાપ્ત થયેલ છે. વિદ્યાર્થીઓ માટે સૌથી મહત્વ પૂર્ણ બાબત એ રહી કે મોટાભાગે કોઈપણ કંપનીની ઔદ્યોગિક મુલાકાત દરમ્યાન તેઓ ને ફાઈનાન્સ, એચ. આર. વિભાગ તેમજ એકાઉન્ટ અને ઓડીટ વિભાગ અને સંશોધન તેમજ વિકાસ વિભાગ તેમજ માર્કેટિંગ વિભાગ જેવા તમામ વિભાગના મહત્વપૂર્ણ પાસાઓ સમજાવ્યા જે ખૂબ ઓછી જગ્યા એ સમજાવવામાં આવે છે . સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતું. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઇન-ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. માર્ગી દેસાઈ, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

## ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાં બે વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૩

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે છેલ્લા બે દિવસો દરમિયાન બે અનોખા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

બુધવારે મહિલા અને બાલ કલ્યાણ મંડળ દ્વારા બાળસુરક્ષા કાર્યક્રમ સ્કૂલમાં યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત મંડળનાં રાજલબેને સુંદર માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય રમીલાબેન એસ ચૌધરીએ પ્રત્યેકનો આભાર માની આયોજક શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતા.

ગુરુવારે ગીતા જ્ઞાનનો કાર્યક્રમ શાળામાં આયોજિત કરવામાં આવ્યો હતો. અમદાવાદનાં શ્રવીબેન અને રૂપાલીબેને શ્રીમદ્ ભગવદ્ગીતા અંગે સુંદર પ્રવચનો આપી વિદ્યાર્થીનીઓને ગીતાના મહત્ત્વ અને તેની વિશેષતાઓ અંગે અવગત કરાવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા આ વિષયે પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા. સુપરવાઈઝર દ્વારા બંને બહેનો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાની સ્કોલરશિપ ચૂંટણીને કારણે અટકી

ગાંધીનગર, તા. ૨૩

રાજયના ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ વિદ્યાર્થીઓ પૈકી જેમને ધો.૧૦ અને ૧૨માં ૮૦ ટકાથી વધુ પર્સન્ટાઈલ હોય તેમને સરકાર દ્વારા એમવાયએસવાય યોજના હેઠળ ખાસ સ્કોલરશિપ એનાયત કરવામાં આવે છે. ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓ આ સ્કોલરશિપને લાયક હોય તેઓએ ફોર્મ ભરી દીધા છે. હાલમાં સ્કોલરશિપના ફોર્મ સ્ક્રૂટીની પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ ચૂંટણીની આચારસંહિતા લાગુ છે ત્યારે આ રકમ વિદ્યાર્થીઓને એનાયત કરવી કે કેમ તે અંગે દ્વિધાભરી સ્થિતિ ઉભી થઈ છે. જેના કારણે હાલમાં વિદ્યાર્થીઓને મેસેજ કરીને જાણ કરવાનું શરૂ કરાયું છે.

રાજયમાં પાટીદાર અનામત આંદોલનના અનુસંધાનમાં સરકાર દ્વારા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) શરૂ કરવામાં આવી હતી. આ યોજનામાં ધો.૧૦ અને ૧૨માં ૮૦ ટકા પર્સન્ટાઈલ લાવનારા તમામ વિદ્યાર્થીઓને ખાસ સ્કોલરશિપ આપવાનું નક્કી કરાયુ હતુ. જેમાં ધો.૧૨ પાસ કર્યા પછી વિદ્યાર્થી ડિગ્રી ઈજનેરી કોલેજમાં પ્રવેશ મેળવે તો ૫૦ હજાર રૂપિયા અથવા તો ફીના ૫૦ ટકા રકમ બન્ને પૈકી જે ઓછુ હોય તે આપવામાં આવે છે. આ સિવાય પાંચ હજાર રૂપિયા બુક અને ૧૨ હજાર રૂપિયા હોસ્ટેલ પેટે આપવામાં આવે છે. આજ રીતે જે વિદ્યાર્થી મેડિકલમાં પ્રવેશ મેળવે તેને એક લાખ રૂપિયા સ્કોલરશિપ આપવામાં આવે છે. જો વિદ્યાર્થી ધો.૧૦ પાસ કરીને ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ મેળવે તો તેને ૩૦ હજાર રૂપિયા સ્કોલરશિપ આપવામાં આવે છે. આ વર્ષે ઈજનેરી, મેડિકલ સહિતના કોર્સમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી સ્વાવલંબન યોજવામાં સ્કોલરશિપ માટે દરખાસ્ત કરી દીધી છે.

# ફિતુર હોતા હૈ હર ઉમ્ર મેં જૂદા : ખિલૌને, માશુકા, રૂત્બા, ખુદા

વિશ્વના તમામ લોકો આજીવન સતત દોડતા-ભાગતા રહે છે અને મહદંશે એવું જ માનતા રહે છે કે હું ભાગું છું, દોડું છું એટલે બધું જ થઈ શકે છે. વ્યક્તિમાત્રની દોડ અંતે તો સુખની શોધ પરત્વે જ ઢળેલી હોય છે. દોડ્યા છતાં,કામ કર્યા પછી કે પુરુષાર્થબાદ ધાર્યું ફળ મળે નહીં ત્યારે જ માણસ અટકીને જરા વિચારે છે કે મને સફળતા શા માટે ના મળી ? આ પ્રશ્નનો જવાબ મળે નહીં એટલે પછી ત્યાંથી બુદ્ધિ પણ કામ કરતી નથી, મતિ મરી જાય છે તેથી અધ્યાત્મની શરૂઆત વૈચારિક દૃષ્ટિએ થાય છે. કોઈક તો કારણ એવું છે કે એ નક્કી કરે છે કે કર્મ પછી મળશે શું અથવા નહીં જ મળે.

કર્મનો કાયદો તો અવિચલ અને સનાતન રહ્યો છે. તેમ છતાં માનવી પ્રયાસોથી થાકે, કંટાળે પછી પ્રભુને યાદ કરીને ધા નાખે છે. પ્રત્યેક માનવી કે જીવનું સર્જન, વિહાર, અસ્તિત્વ અને અંત એ કુદરતના બહુ જ વિશાળ પ્રબંધનનો નાનકડો હિસ્સો હોય છે. પરંતુ પામર માનવ તેને જીવનભર સમજી શકતો નથી અથવા જાણી શકતો જ નથી અને મિથ્યા અહમ્માં જીવતો રહે છે. જીવન દરેક માટેની એવી પરીક્ષા છે કે તેમાં શું પરિણામ આવશે તે જાણી જ શકાતું નથી અને કર્મ કર્યા બાદ માણસ થાકીને ભગવાનના કે શ્રદ્ધાસ્થાનકના શરણે જાય છે. જે ઈશ્વરની નિયમિત પ્રાર્થના કે પૂજા કે બંદગી કરતો નથી છતાં સહાયતાની ઝંખના અવશ્ય કરે છે તેનું કારણ શું છે ? રોજિંદા જીવનમાં બનતી નાની-મોટી દરેક ઘટના વાસ્તવમાં ભગવાને છાપી રાખી છે, એમાં કોઈ પરિવર્તન કરી શકતું જ નથી. પરંતુ એ લખાણ કે પ્રિન્ટ ઉપલબ્ધ કોઈને નથી થતી. જન્મ-મરણ, લાભ-હાનિ, જશ-અપજશ આ છ બાબતો ઈશ્વરે તેના કંટ્રોલમાં રાખી છે તેવું રામચરિત માનસમાં જણાવવામાં આવ્યું છે. ઉપરવાળો, હજાર હાથવાળો હંમેશા પૃથ્વી બની ત્યારથી વગર સીસીટીવી કૅમેરા - નિરીક્ષણ, પરીક્ષણ, રક્ષણ અને વિલયનું કાર્ય કરે જ છે. માનવજાત પાસે ઈશ્વરના એજન્ડા રહેલા છે. દરેકનો રોલપ્લે નક્કી છે, તેમાં હિસ્સેદાર થવું ફરજિયાત છે.

કહેવાય છે કે ભૂત અને ઈશ્વરમાં સૌ માન્યતા ધરાવે છે પણ કોઈને તે જોવા મળતાં નથી. ઈશ્વરે




સૃષ્ટિને ટકાવી રાખવા સમગ્ર સૃષ્ટિ રચી, પહાડ, જળ, વૃક્ષો, વર્ષા, ગરમી, ઠંડી, ધરતી - બધું જ પૂરું પાડ્યું કેમ કે આ બધાંથી જીવન ધબકે છે અને માનવજાતને બુદ્ધિક્ષમતા આપી. ઉપરાંત સંવેદના, વેદના, પ્રેમ, લાગણીઓ, ભાવનાની બક્ષિશ આપી, જેનાથી જીવ માયામાં મગ્ન રહે છે. હિન્દુ ધર્મગ્રંથોમાં લખ્યા મુજબ માયા ભગવાને જ રચી છે. તેમાં મમતા, મમત્વ, રાગ, દ્વેષ, ઈર્ષા, મદ, અહમ વગેરેનો ઉમેરો કર્યો છે. બસ, આ બધાથી સંસારનો વિરાટ રથ દોડતો રહે છે. ઈશ્વર જોવા મળતા નથી, સ્પર્શવા મળતા નથી, જાણવામાં આવતા નથી. બધાંને તે ધારવા મળે છે અને એ ધારવા મળે તે જ પ્રભુશ્રદ્ધા.

ઉંમર મુજબ દરેકના તબક્કા ગોઠવાયેલા છે. ક્યારેક રમકડાં, પછી વયસ્ક થતાં પ્રેમપાત્ર કે જીવનસાથી પછી મોભો કે સમાજમાં અગ્રતાક્રમ અને જીવનના ઢાળના છેડે ખુદા કે ઈશ્વર... આ ક્રમમાં આઘુંપાછું કશું થઈ શકતું નથી. બાળકને જીદ હોય તે રમકડું તેને મેળવવું છે, કાં તો એ જ રમકડું અથવા કંઈ જ નહીં. ઉંમરના તબક્કા મુજબ જ્યારે પ્રાપ્તિ કશી થાય નહીં ત્યારે વ્યક્તિ નાસિપાસ યા હતાશ થઈ જાય છે. ઘણી વખત જરૂરતથી વધુ મળે તો સંતોષની જગ્યાએ ઉપદ્રવ દાખલ થઈ જાય છે. 'હોવું' અને 'નહિ હોવું'ની વચ્ચે જ સમાજનો મોટો હિસ્સો જીવે છે, જેનો સીધો આધાર અંતે ઈશ્વર જ હોય છે. માનવીય આયોજનોમાં ભેદભાવ, પક્ષપાત, લુખ્ખાં વચનો કે આશ્વાસનો હોઈ શકે છે પરંતુ ઉપર બેઠો સમર્થ ભગવાન જે આયોજન કરે છે તેમાં કોઈ જ અન્યાય કદી હોતો નથી. પરંતુ સમય યોગ્ય આવે કે ન્યાય થઈ જ જાય છે ત્યાં પાનકાર્ડ, આધારકાર્ડ, કેવાયસી કે ઓટીપીની કોઈ જ આવશ્કયતા નથી. કેમ કે પ્રત્યેક જીવની એક આગવી જન્મકથા કે ઋણાનુબંધ છે, તે નેટવર્ક કદી બંધ થતું જ નથી. પૃથ્વીને પતાવવા વિકાસ કરી ચૂકેલાં રાષ્ટ્રો જ ઈશ્વરની સંરચનાને વિકૃત કરવા માટે દોષિત છે. પર્યાવરણ બગાડવું એ ભગવાનના ઘર ઉપર પથ્થર ફેંકવા જેવી વાત છે. માણસજાત હવે પોતે જ જીવવા ઈચ્છે છે. બીજાની સ્થિતિ ઉપર કોઈ જ વિચાર નથી. વિચારશૂન્ય સમાજ જલદીથી વિનાશકારક બને છે.

જીવનના અંતે વિદાય જો દુખદ બને તો માનવું જ રહ્યું કે જીવનકાળ દરમિયાન પ્રભુના નિયત એજન્ડાથી વિરુદ્ધ કંઈક કરેલું છે. અર્થાત જીવન અન્ય માટે પણ હોય છે, તે ભૂલી જવાયું છે. તેનો અહેસાસ અવશ્ય થાય છે. ભય, મૃત્યુનો નહીં, પરંતુ કરેલાં અયોગ્ય કર્મોને જોવાના સમયનો જ હોય છે. આપણે વર્ષોમાં નહીં, કર્મોમાં જીવીએ છીએ એ પ્રતિદિન યાદ રાખવું પડે. કર્મપ્રધાન વિશ્વ છે અને માણસ સ્વાર્થકર્મને પ્રાધાન્ય આપે છે, તેથી સમાજમાં દુખ, અશ્રુઓ, રૂદન, કકળાટ અને ઉચાટ છે. હિંસાચાર તો માનવના અધિકારક્ષેત્રની બહારની વાતછે. તેમ છતાં એ ધર્મના નામે, કોમના નામે, શ્રદ્ધાના બહાને સતત થાય છે. માટે કુદરત રાજી નથી અને તે બધા અનુભવી પણ રહ્યા છે. જેણે જીવનભર બધું આપ્યું તેને યાદ કરી આપણે બીજાને કંઈક આપીને જીવીએ તો જ આપણી સાર્થકતા ગણાય.

**શેર આસ્વાદ**

જોવા મળ્યા નથી
કે નથી જાણવા મળ્યાં
ઈશ્વર અહીં બધાંને
ફક્ત ધારવા મળ્યાં
(ભરત વિંઝુડા)






(૧) ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ માટે ભારતમાંથી કોની ફરી વરણી કરવામાં આવી છે ?
(એ) દલબીર ભંડારી
(બી) મનપ્રીત કૌર
(સી) રાજવીર કુમાર
(ડી) દિપન મિશ્રા

(૨) ભારત-મ્યાનમાર વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'આઈએમબીએએક્સ' કયા પ્રદેશમાં શરૂ થયો છે ?
(એ) પંજાબ (બી) કેરલ
(સી) કર્ણાટક (ડી) મેઘાલય

(૩) કેરલ અને લક્ષદ્વિપ સમૂહ તટીય સુરક્ષા અભ્યાસ શરૂ કરાયો છે, તેનું નામ શું છે ?
(એ) દ્વીપકવચ (બી) નદી કવચ
(સી) સાગર કવચ (ડી) રક્ષા કવચ

(૪) તાજેતરમાં કઈ પાર્ટીના પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રિયરંજન દાસ મુન્શીનું નિધન થયું છે ?
(એ) સપા (બી) કોંગ્રેસ
(સી) બીજેપી (ડી) બસપા

(૫) દિલ્હી હાફ મેરેથોનમાં પુરુષ અને મહિલા વર્ગમાં કયા દેશના એથ્ટીટ્સે ગોલ્ડ મેડલ જિત્યા હતા ?
(એ) ઘાના (બી) ઈથોપિયા
(સી) કેનિયા (ડી) નામીબિયા

(૬) તાજેતરમાં કોને ટાટા લિટરેચર લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(એ) શ્રીરામ લાગુ (બી) શબાના આઝમી
(સી) જાવેદ અખ્તર (ડી) ગિરીશ કર્નાડ

(૭) અફઘાનિસ્તાનની ટીમ એશિયા કપ અન્ડર-૧૯ની ફાઈનલ મેચમાં કયા દેશને હરાવી ચેમ્પિયન બની હતી ?
(એ) શ્રીલંકા (બી) પાકિસ્તાન
(સી) નેપાળ (ડી) બાંગ્લાદેશ

(૮) તાજેતરમાં વિશ્વ કેન્સર શિખર સંમેલન કયા શહેરમાં શરૂ થયું છે ?
(એ) ન્યૂયોર્ક (બી) લંડન
(સી) રોમ (ડી) મેક્સિકો

(૯) દુનિયાના સૌથી ઝડપી દોડવીર યુસેન બોલ્ટ કયા દેશની ક્રિકેટ ટીમને કોચિંગ આપશે ?
(એ) ઓસ્ટ્રેલિયા (બી) ઈન્ગ્લેન્ડ
(સી) શ્રીલંકા (ડી) ભારત

(૧૦) વૈજ્ઞાનિકોએ ભારતના કયા રાજ્યમાં નવા પરજીવી છોડની શોધ કરી છે ?
(એ) પંજાબ (બી) ઉત્તર પ્રદેશ
(સી) નાગાલેન્ડ (ડી) રાજસ્થાન